રાજ્યમાં વધુ ૩૬૨ નવા કેસ : અમદાવાદમાં ૨૬૭ : ગાંધીનગરમાં ૦૩

કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ

આત્મનિર્ભર ભારત અભિયાન

૨૦ લાખ કરોડનું પેકેજ

નવા રૂપ-રંગવાળા લોકડાઉન-૪ની જાહેરાત : વિગતો ૧૮મી પહેલા જાહેર થશે : નવા આર્થિક પેકેજની વિગતો આવતીકાલથી નાણામંત્રી આપશે

નવી દિલ્હી, તા. ૧૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચોથી વખત કોરોના સંકટ વચ્ચે રાષ્ટ્રને સંબોધનમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન' ની ઘોષણા કરી હતી અને કહ્યું હતું કે સરકાર તેના માટે ૨૦ લાખ કરોડનું પેકેજ લાવી રહી છે. તેમણે કહ્યું કે નાણામંત્રી નિર્મલા સીતારમણ બુધવારથી આગામી કેટલાક દિવસો સુધી પગલા-દર-પગલામાં દેશની સમક્ષ પેકેજની વિગતવાર નિવેદન રાખશે. તેમણે કહ્યું કે ૨૦ કરોડનું આ સ્વનિર્ભર ભારત અભિયાન પેકેજ દેશના કુલ જીડીપીના ૧૦% જેટલું છે. બધી ટિપ્પણીઓ જુઓ તમારી ટિપ્પણીઓ લખો વડા પ્રધાને કહ્યું, 'આ બધાના માધ્યમથી દેશના વિવિધ વિભાગો, આર્થિક સિસ્ટમની લિંક્સને ૨૦ લાખ કરોડ રૂપિયાનો ટેકો મળશે, ટેકો મળશે. ૨૦ લાખ કરોડ રૂપિયાના આ પેકેજથી આત્મનિર્ભર ભારત અભિયાન ૨૦૨૦ માં દેશની વિકાસ યાત્રાને નવી ગતિ મળશે. આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાબિત કરવા માટે, આ પેકેજમાં જમીન, મજૂર, તરલતા અને કાયદા બધા પર ભાર મૂકવામાં આવ્યો છે. પીએમએ કહ્યું કે આ આર્થિક પેકેજ આપણા કુટીર ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ, આપણા નાના-મધ્યમ ઉદ્યોગ, આપણા એસએસએમઇ માટે છે, જે કરોડો લોકોની આજીવિકાનું સાધન છે. જે આત્મનિર્ભર ભારત માટેના આપણા સંકલ્પનો મજબૂત આધાર છે. આ આર્થિક પેકેજ તે

● અનુસંધાન પાન-૭ પર

લોકડાઉનના ચોથા ચરણની ઘોષણા

૧૮મી મેથી નિયમો બદલાશે : નિયમોમાં વધુ છુટછાટનો સંકેત

નવી દિલ્હી, તા. ૧૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે રાષ્ટ્રને સંદેશામાં લોકડાઉનના ચોથા તબક્કાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ચોથા તબક્કામાં નિયમોમાં ફેરફાર કરવામાં આવશે. આ માટે રાજ્યો પાસેથી સૂચનો પણ માંગવામાં આવ્યા છે. વડા પ્રધાને કહ્યું કે ૧૮ મે પહેલા દેશને નવા નિયમોથી વાકેફ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ કહ્યું, લોકડાઉનનો ચોથો તબક્કો, લોકડાઉન ૪, નવા નિયમો સાથે સંપૂર્ણ રીતે ફરીથી ડિઝાઇન કરવામાં આવશે. રાજ્યો તરફથી અમને મળતા સૂચનોના આધારે, લોકડાઉન ૪ થી સંબંધિત

● અનુસંધાન પાન-૭ પર

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૩ | ૧૩ મે, ૨૦૨૦, બુધવાર; વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દિલ્હીથી પ્રથમ સ્પેશિયલ ટ્રેન રવાના

નવીદિલ્હી-વિલાસપુર સ્પેશિયલ ટ્રેન મંગળવારે દિલ્હીથી ઉપડશે : ટ્રેનો તેમજ સ્ટેશનો ઉપર સામાજિક અંતરની કાળજી લેવામાં આવી રહી છે સોમવારે આઈઆરસીટીસીની વેબસાઇટ ઉપર બેઠકનું બુકિંગ શરૂ થયું હતું

નવીદિલ્હી, તા.૧૨

લોકડાઉન વચ્ચે ત્રણ ગાડીઓ મંગળવારે સાંજે ૪ કલાકે નવી દિલ્હી રેલ્વે સ્ટેશનથી રવાના થઈ હતી. નવી દિલ્હી-બિલાસપુર ટ્રેન દ્વારા કુલ ૧,૧૭૭ મુસાફરો બિલાસપુર જવા રવાના થયા હતા. આ પહેલી ટ્રેન છે, જે નવી દિલ્હી રેલ્વે સ્ટેશનથી ઉપડી છે. પેસેન્જર ટ્રેનની સુવિધા લગભગ દો એક મહિના સુધી બંધ રહી ગયા બાદ રેલ્વેએ તેને મંગળવારથી ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો હતો, જેના માટે

● અનુસંધાન પાન-૭ પર

વિમાની સેવાના પ્રથમ ચરણમાં ૮૦ વર્ષથી વધુ વયના માટે ઉડાણ પર રોક

નવી દિલ્હી, તા. ૧૨

નવી દિલ્હી: નાગરિક ઉડ્ડયન મંત્રાલયે હવાઈ મુસાફરી ફરી શરૂ કરતા પહેલા મહત્વપૂર્ણ માર્ગદર્શિકા જારી કરી છે. પ્રથમ તબક્કામાં, ૮૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને ઉડાન પર પ્રતિબંધ છે. વડા પ્રધાન મોદીએ રાષ્ટ્રને સંબોધન કરતા પહેલા આવી માર્ગદર્શિકા બહાર પાડીને સરકારે કહ્યું છે કે તે રેલવે બાદ હવાઈ મુસાફરી શરૂ કરવાનું પણ વિચારી રહી છે.

આ સિવાય કેબીનમાં મુસાફરો કોઈપણ પ્રકારની બેગ લઈને મુસાફરી કરી શકશે નહીં. તે

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંઘને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.
- છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજીત જોગીની સ્થિતિ વધુ ગંભીર બની છે.
- ફિલિપાઈન્સથી ગુજરાતના ૧૧ વિદ્યાર્થીઓ પરત પહોંચ્યા
- સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં પહેલી વખત સિંગલ જજની પીઠ આપશે ચુકાદા
- મુખ્યમંત્રી કેજરીવાલે ૧૭મે બાદ શું કરવું તેના પર જનતા પાસે સૂચનો માંગ્યા
- અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા વિશ્વમાં સૌથી વધુ ટ્વિટર ફોલોઅર ધરાવે છે. તેમને ૧૧૭.૩ મિલિયન ફોલોઅર્સ છે.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

મહારાષ્ટ્ર	૨૪૪૨૭
ગુજરાત	૮૯૦૪
તામીલનાડુ	૮૭૧૮
દિલ્હી	૭૬૩૯
રાજસ્થાન	૪૦૫૬
મધ્યપ્રદેશ	૩૯૮૬
ઉત્તરપ્રદેશ	૩૫૭૩
પ. બંગાળ	૨૧૭૩
આંધ્રપ્રદેશ	૨૦૫૧

ચીનના હેલિકોપ્ટરો લદ્દાખ સરહદે દેખાયા

સ્થાનિક કક્ષાએ વાતચીત દ્વારા આ મામલાનો ઉકેલ કરવામાં આવ્યો છે એરફોર્સના તરત પેટ્રોલિંગ વિમાનો રવાના : ચીને એલએસીને પાર કરી નથી : તંત્ર એલર્ટ

મુંબઈ, તા.૧૨

ચીન તેની વિરોધી વાતોથી બચવા તૈયાર નથી. ગયા અઠવાડિયે બંને દેશોના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ બાદ તેણે માઈન્ડ ગેમ્સ રમવાનું શરૂ કર્યું છે. લદ્દાખમાં એલએસીની ખૂબ નજીકમાં ચાઈનીઝ હેલિકોપ્ટર ઉડતા મળી આવ્યા હતા. આ ઘટના તે જ સમયેની છે જ્યારે ઉત્તર સિક્કિમમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે મુકાબલો થયો હતો. ભારતીય વાયુસેનાના સૂત્રોએ એવા અહેવાલોને ફગાવી દીધા છે કે ભારતીય જેટ વિમાન ચીની હેલિકોપ્ટર દ્વારા ચલાવવામાં આવ્યા હતા. એરફોર્સના સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતીય લડાકુ વિમાનો તેમની રેન્જમાં ઉડાન ભર્યા હતા, પરંતુ તે એક તાલીમનો ભાગ હતો. ચીનના સૈન્ય હેલિકોપ્ટર ઘણી વખત ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યા છે. તેઓ ઈરાદાપૂર્વક ભારતના પ્રદેશ પરના દાવાને લગતા આવા ગુણ છોડી દે છે. એલએસી સિવાય ભારત-ચીન સરહદના ઘણા એવા ભાગો છે જ્યાં કોઈ નિશ્ચિત બોર્ડર નથી. પરંતુ હવે આપણો રડાર ચીનની હવામાં કોઈ પણ હિલચાલ શોધી કા ે છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) એ બે નિમ્ન સ્તરના લાઇટવેઇટ રડાર બનાવ્યા છે. તેઓ મોનિટર કરવા સરહદ નજીક તૈનાત કરવામાં આવ્યા છે. આ રડારના નામ છે 'ભારણી' અને 'અશ્લેશા'. જ્યારે ભરાણી ૨ ડી રડાર છે, જ્યારે અસ્લેશા ૩ ડી છે. બંને રડારનું નામ ભારતીય નક્ષત્રોના નામ પરથી આપવામાં આવ્યું છે. 'ભારણી' એ ખાસ કરીને યુ.એ.વી., આર.પી.વી., હેલિકોપ્ટર અને ડુંગરાળ વિસ્તારોમાં ફિક્સ વિંગ

● અનુસંધાન પાન-૭ પર

કેન્દ્રના સરકારી કર્મચારીઓના પગાર નહીં કપાય

ન્યુ દિલ્હી,તા.૧૨

આર્થિક મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર કાપવામાં નહીં આવે. એક સમાચાર અહેવાલ પર સ્પષ્ટતા કરતા મંત્રાલયે ટ્વીટ કર્યું હતું કે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં કાપ મૂકવાની કોઈ દરખાસ્ત હાલમાં વિચારણા હેઠળ નથી.

અમુક મીડિયામાં આ અંગે જાહેર થયેલા અહેવાલો ખોટા છે. ગયા મહિને સરકારે તેના ૫૦ લાખ કર્મચારીઓનું અને ૬૧ લાખ પેન્શનરોનું મોંઘવારી ભથ્થુ ૩૦ જૂન, ૨૦૨૧ સુધી મોકુફ રાખ્યું હતું.

ભારત રોજ એક લાખ પરીક્ષણ કરી શકે છે : હર્ષવર્ધન

ભારતનો મૃત્યુદર વિશ્વમાં સૌથી નીચો

નવી દિલ્હી, તા. ૧૧

ભારત હવે દરરોજ એક લાખ કોવિડ -૧૯ પરીક્ષણો કરી શકે છે, એમ કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધનએ મંગળવારે વીડિયો-કોન્ફરન્સ દ્વારા જમ્મુ-કાશ્મીરના વિવિધ જિલ્લાઓના વરિષ્ઠ અધિકારીઓ સાથે કોરોનાવાયરસ અંગેની વાતચીતમાં જણાવ્યું હતું. મંત્રીએ એમ પણ કહ્યું કે દેશનો કોવિડ -૧૯ મૃત્યુ દર વિશ્વમાં સૌથી ઓછો ૩.૨ ટકા છે. જેમ આપણે સતત અંતમાં જોતા હોઈએ છીએ તેમ, અમારો પુન પ્રાપ્તિ દર દરરોજ સારો થઈ રહ્યો છે. આજે આપણો પુન પ્રાપ્તિ દર ૩૧.૭ ટકા છે.

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં ૨૪ કલાકમાં નવા ૩૬૦૦ કેસ : વધુ ૮૭ના મોત

દેશમાં કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૭૦ હજારને પાર, મૃત્યુઆંક ૨૨૯૩એ પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૧૨

દેશમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં

૩૬૦૦થી વધારે નવા કોરોના વાયરસના કેસ અને ૮૭ લોકો મોતને ભેટ્યા છે. દેશમાં કુલ કોરોના વાયરસના કેસ વધીને ૭૦૭૫૬ સુધી પહોંચી ગયા છે. સોમવારે સવારે ૯ વાગ્યાથી મંગળવાર સવારે ૯ વાગ્યા સુધી દેશમાં કોરોના વાયરસના ૩૬૦૪ નવા કેસ નોંધાયા છે જોકે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોના વાયરસથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા ૧૫૦૦થી વધારે છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર અત્યાર સુધીમાં દેશમાં કુલ ૭૦૭૫૬ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથઈ ૨૨૪૫૪ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. પરંતુ ૨૨૯૩ લોકોએ કોરોના વાયરસના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવારે સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૪૬૦૦૮ એક્ટિવ કેસ છે.

દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૩૪૦૧ કેસ નોંધાયા છે જેમાંથી ૮૬૮ લોકોએ પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. જોકે, મહારાષ્ટ્રમાં ૪૭૮૬ લોકો સ્વસ્થાય પણ થઈ ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૮૫૪૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૧૩ લોકો કાળનો કોળિયો બની ગયા છે.

વિશ્વમાં કોરાનાના કેસોની સંખ્યા ૪૨ લાખથી ઉપર પહોંચી

દુનિયાભરમાં મોતનો આંક ત્રણ લાખથી નજીક પહોંચ્યો : એક્ટિવ કેસોની સંખ્યા ૨૪ લાખથી પણ વધુ

નવી દિલ્હી,તા.૧૨

દુનિયાભરના ૨૧૦થી વધુ દેશોમાં કોરોના વાયરસનો કહેર યથાવતરીતે જારી રહ્યો છે. તમામ દેશોના વહીવટીતંત્ર દ્વારા તમામ પગલા લીધા હોવા છતા તે નિષ્ફળ સાબિત થઇ રહ્યા છે. વિશ્વભરમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા વધીને ૪૨૭૨૮૨૮ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો હવે ૪૨ લાખથી પણ ઉપર થઇ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઇ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૫૩૬૩૧૫ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા પણ વધીને ૨૪૪૮૮૯૭ પર પહોંચી ચુકી છે. દુનિયામાં મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે આંકડો વધીને ૨૮૭૬૧૬ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૬૯૦૧ પર પહોંચી ચુકી છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઇ રહ્યો છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૪૩૦૦૬૧૫	૨૮૯૩૪૫	૧૪૧૩૨૧૦
ભારત	૭૪૦૭૯	૨૪૦૮	૨૪૧૨૪
ગુજરાત	૮૯૦૪	૫૩૭	૩૨૪૬
ગાંધીનગર	૧૪૨	૦૬	૪૫